| | | | |
|---|---|---|---|
| રજૂ તારીખ : | ૩૦ | ૦૯ | ૨૦૨૨ |
| દાખલ તારીખ: | ૩૦ | ૦૯ | ૨૦૨૨ |
| ફેંસલ તારીખ: | ૧૮ | ૦૪ | ૨૦૨૬ |
| **અવધિ:** | **વર્ષ** | **માસ** | **દિવસ** |
| | ૦૩ | ૦૬ | ૧૯ |

**અમદાવાદ ઔદ્યોગિક ન્યાયપંચના પ્રમુખ અધિકારી,**
**શ્રી એચ.એ.ભુતવાલા સમક્ષ.**

**રેફરન્સ (આઈ.ટી.) નં.૭૨/૨૦૨૨.**
**આંક–૨૫.**

**પ્રથમ પક્ષકાર :** **મેનેજરશ્રી/ડાયરેકટરશ્રી,**
ટીવીએસ લોજીસ્ટીક સર્વિસિસ લિ.,
ઠે. ફોર્ડ ઈન્ડીયા પ્રાઈવેટ લિમિટેડ,
રેવન્યુ સર્વે નં.૦૬,ગામ–નોર્થ કોતરપુરા,
સાણંદ, અમદાવાદ–૩૮૨૧૭૦.

**વિરૂધ્ધ**

**બીજા પક્ષકાર :** **કેમિકલ મઝદુર પંચાયત,**
ઠે. ૩૧૧, સર્વોદય કોમર્શિયલ સેન્ટર,
સલાપસ રોડ, જી.પી.ઓ.ની બાજુમાં,
અમદાવાદ.

પ્રથમ પક્ષકાર તરફે : વિ.વ.શ્રી બી.એમ.જોષી.

બીજા પક્ષકાર તરફે : વિ.વ.શ્રી એલ.એમ.પાટીલ.

**બાબત :** આઈ. ડી. એકટ–૧૯૪૭ ની કલમ : ૧૦(૧) અન્વયે રેફરન્સ.

**–:: એ વો ર્ડ ::–**

(૧) શ્રમ આયુકત, ગુજરાત રાજય ગાંધીનગર તરફથી અધિસૂચના ક્રમાંક: શ્રઆ–૫–૨–આઈડીઆર/૩૧૧/૨૦૨૨/૩૭૧૯ તા.૨૭/૦૯/૨૦૨૨ થી અનુસૂચિમાં જણાવ્યા મુજબની માંગણીની ઔદ્યોગિક તકરાર અત્રેના ઔદ્યોગિક ન્યાયપંચને ન્યાય નિર્ણય કરવા માટે સુપ્રત કરવામાં આવેલ છે. જેની અનુસૂચિ નીચે મુજબ છે.

**<u>-: અનુસૂચિ:-</u>**

**<u>માંગણી નં.૧.</u>**

સંસ્થામાં કામ કરતાં કુલ-૭૮ કાયમી કામદારોને કાયમીના લાભો આપેલ ના હોય તેમજ આ કામદારોનું આર્થિક શોષણ થતું હોય આ સબંધિત કામદારોએ આવતા પગાર અને અન્ય લાભો, સગવડતાઓ, સુવિધાઓ પુરી પાડવી કે કેમ?

**<u>માંગણી નં.૨.</u>**

સંસ્થાના કહેવાથી અને સૂચનાથી સંસ્થાના અધિકારીઓએ કામદારો પાસેથી તા.૧૨/૦૪/૨૦૨૨ નારોજ યુનિયનમાંથી રાજીનામું માંગવું તથા ચાલતી માંગણીઓ કેસ પાછો ખેંચવા તથા બાંહેધરી પત્રક પર સહી કરવા દબાણ કરેલ જે સંસ્થાનું કૃત્ય ગુનારોપણ, અધોગતિ અને જે સંગઠન બનાવવાના અધિકારને ઉલ્લંઘન કરતો હોવાથી, એને કામ પર લાગવા પૂર્વવર્તી શરતો રીતે માંગેલ છે જેને વશ ન થતાં તા.૧૩/૦૪/૨૦૨૨ ના પ્રથમ પાળીથી ગેરકાયદેસર અને ગેરવ્યાજબી રીતે કામદારોને નોકરી પર જતા અટકાવી તેઓને કામ કરવા જતાં રોકેલા છે અને તેમ કરી સંસ્થાએ ગેરકાયદેસર રીતે તાળાબંધી કરેલ છે. જે સંસ્થાનું કૃત્ય ગેરકાયદેસર, ગેરવ્યાજબી અને અન્યાયી હોય આ તમામ કામદારોને તાત્કાલિક અસરથી લોકઆઉટ ઉઠાવી લેવું તથા તમામ કામદારોને મૂળ જગ્યા પર કામ સોંપવું કે કેમ?

(૨) હાલના રેફરન્સના કામે આ હુકમમાં સગવડતા અને સરળતા ખાતર પ્રથમ પક્ષકારને સામાવાળા અને બીજા પક્ષકારને અરજદાર તરીકે સંબોધવામાં આવેલા છે.

(૩) અરજદાર તરફે આંક-૬ થી માંગણાનું નિવેદન રજૂ કરવામાં આવેલ છે. જેની ટૂંકી વિગત એવી છે કે, અરજદાર યુનિયન ધી ટ્રેડ યુનિયન એકટ,૧૯૨૬ હેઠળ રજીસ્ટર્ડ યુનિયન છે અને સબંધિત કામદારો યુનિયનના સભ્ય છે. જેથી આ કામના અરજદાર સબંધિત કામદાર વતી સામાવાળા સંસ્થા સમક્ષ ન્યાયી, વ્યાજબી અને કાયદેસરની માંગણીઓ મૂકવાનો બંધારણીય હક્ક અને અધિકાર ધરાવે છે. આ સંસ્થા ઓટોમોબાઈલ-એન્જીનીયરીંગ ઈન્ડસ્ટ્રીઝમાં આવેલ છે અને તેમાં આશરે ૩૫૦ કરતાં વધારે કામદારો ફરજો બજાવે છે. સામાવાળા સંસ્થાને વિવિધ મજૂર કાયદાની જોગવાઈ લાગુ પડે છે અને તે તમામ કાયદાનું પાલન કરવાની આ કામના સામાવાળા સંસ્થાની કાયદેસરની ફરજ અને જવાબદારી છે. અરજદાર

યુનિયને આ કામના સામાવાળા સંસ્થાને તા.૧૬/૦૪/૨૦૨૨ નારોજ એક ચાર્ટર ઓફ ડિમાન્ડનો પત્ર મોકલી માંગણીઓ કરેલી. જે ચાર્ટર ઓફ ડીમાન્ડનો પત્ર આ કામના સામાવાળા સંસ્થાને કાયદેસર રીતે બજી ગયેલ હોવા છતાં સંસ્થા તરફે તેનો કોઈ જવાબ આપવામાં આવેલ ન હોવાથી અરજદાર યુનિયને તા.૧૮/૦૪/૨૦૨૨ ના રોજના પત્રથી મદદનીશ શ્રમ આયુકતશ્રી/સમાધાન અધિકારીશ્રીને માંગણી બાબતે દરમ્યાનગીરી કરવા વિનંતી કરતા મદદનીશ શ્રમ આયુકતશ્રી/સમાધાન અધિકારીશ્રી દ્વારા સમાધાન કાર્યવાહી હાથ ધરવામાં આવેલી હતી. જેમાં આ કામના સામાવાળા ની માંગણીઓ તા.૧૪/૦૬/૨૦૨૨ નારોજ સમાધાન કાર્યવાહીમાં સમાધાન શકય ન બનતા તા.૧૦/૦૮/૨૦૨૨ નારોજ પત્રથી ફેઈલ્યોર રીપોર્ટ મદદનીશ શ્રમ આયુકતશ્રી/સમાધાન અધિકારીશ્રી દ્વારા આ વિવાદ ન્યાય–નિર્ણય અર્થે નામદાર ઔદ્યોગિક ન્યાયપંચ અમદાવાદને સુપ્રત કરવામાં આવેલ. સમાધાન કાર્યવાહીમાં સમાધાન શકય ન બનતા આ અંગેનો વિવાદ ન્યાય–નિર્ણય માટે નામદાર ઔદ્યોગિક ન્યાયપંચ, અમદાવાદને રીફર કરવામાં આવેલ છે. સામાવાળા સંસ્થા આખાય વિશ્વમાં જાયન્ટ ટીવીએસ ગૃપની કંપની ટીવીએસ સપ્લાય ચેઈન સોલ્યુશન્સ લિ. નું યુનિટ છે. આ સંસ્થાનું હેડ કવાર્ટર ભારતમાં છે અને અન્ય ૧૨ જેટલા દેશોમાં બીજી શાખાઓ આવેલી છે. સામાવાળા સંસ્થાની પૅરેન્ટ કંપની ટીવીએસ સપ્લાય ચેઈન સોલ્યુશન્સ લિ. આખાય વિશ્વમાં આશરે ૨૦,૦૦૦ જેટલા કર્મચારીઓ ફરજો બજાવે છે. સંસ્થા લોજીસ્ટીકસ, વેરહાઉસીંગ, ટ્રાન્સપોર્ટેશન, ફ્રેઈટ ફોરવર્ડીંગ, પેકેજીંગ ડીઝાઈન અને સોલ્યુશન્સ, ઈન પ્લાન્ટ અને આફ્ટર માર્કેટ સોલ્યુશન્સ, મટીરીયલ હેન્ડલીંગ, મટીરીયલ મેનેજમેન્ટ, ફ્રી ટ્રેડ વેરહાઉસીંગ, ઈન્ફ્રાસ્ટ્રકચર સોલ્યુશન્સ અને ટેકનોલોજી લોજીસ્ટીકની કામગીરીમાં કાર્યરત છે. સામાવાળા સંસ્થા સાણંદ ખાતે ફોર્ડ કંપનીના સ્પેર પાર્ટસ અને સીસ્ટમ બનાવવાના તેમજ વિકસાવવાના ઉદ્યોગમાં કાર્યરત છે. આ સંસ્થામાં બહુમતી કામદારો ઓછામાં ઓછા ૫ અને વધુમાં વધુ ૧૦ વર્ષોથી નોકરીની ફરજો બજાવતાં આવેલ છે. કામદારોએ પગાર વધારા અને નોકરીની શરતો માટે વિવિધ માંગણીઓનો વિવાદ નામદાર મજૂર અદાલત અમદાવાદ સમક્ષ રેફરન્સ (આઈ.ટી.)

નં.૪૧/૨૦૨૧ નો વિવાદ ઉપસ્થિત કરી પડકારેલ હતો. સંસ્થાના અધિકારીઓએ કામદારોને યુનિયનમાંથી રાજીનામું આપી દેવા તેમજ નામદાર ઔદ્યોગિક ન્યાયપંચ સમક્ષ ઉપસ્થિત કરેલ ઉપરોકત માંગણીઓનો કેસ પાછો ખેંચી લેવા તેમજ એકતરફી અને મનસ્વી બાહેંધરી પત્રક ઉપર કામદારોની ઈચ્છા અને મરજી વિરૂદ્ધ બળજબરી, જબરજસ્તી અને ધાક-ધમકીથી સહીઓ કરવા માટે દબાણ કરવામાં આવતું હતું. સંસ્થાનું કૃત્ય અયોગ્ય, અન્યાયી, ગેરવ્યાજબી, ગેરકાયદેસર, મનસ્વી, જુલ્મી, બદઈરાદાવાળું અને અનફેર લેબર પ્રેકટીસ સમાન અને કુદરતી ન્યાયનાં સિધ્ધાંત વિરૂધ્ધનું કૃત્ય છે. સંસ્થામાં કામ કરતાં કામદારો, અધિકારીઓનાં ઉપરોકત દબાણને વશ નહીં થતાં સંસ્થાના અધિકારીઓ દ્વારા તા.૧૩/૦૪/૨૦૨૨ નારોજથી કામદારોને કોઈપણ જાતના વાંક કે ગુના વગર તેમજ કોઈપણ જાતના ન્યાયી અને વ્યાજબી કારણ વગર કામદારોને તેમની પ્રથમ પાળીથી જ રાબેતા મુજબની ફરજો ઉપર હાજર થવાં દેવામાં આવેલ નથી. જાણી જોઈને બદઈરાદા પૂવર્ક કામગીરી સોંપવાનું બંધ કરી સંસ્થા દ્વારા એક તરફી, મનસ્વી અને જુલ્મી રીતે લોકઆઉટ કરેલ છે. આમ સામાવાળા સંસ્થાનું કૃત્ય અયોગ્ય, ગેરકાયદેસર, ગેરવ્યાજબી અને અનફેર લેબર પ્રેકટીસ સમાન હોય, વિકટીમાઈજેશન સ્વરૂપનું હોવાથી લોકઆઉટ ઉઠાવી લઈ યુનિયનનાં કામદારોને તેમની મૂળ જગ્યાએ રાબેતા મુજબ ફરજો સોંપવામાં આવે તેવી માંગણી કરવામાં આવેલ છે. યુનિયનનાં કામદારોને તા.૧૩/૦૪/૨૦૨૨ નારોજ થી બંધ કરી દેવામાં આવતા યુનિયને નાયબ શ્રમ/આયુકતશ્રી ની કચેરીને લેખિત અને મૌખિકમાં ફરીયાદ કરતાં તા.૧૮/૦૪/૨૦૨૨ નારોજ સંસ્થાના ગેટ ઉપર અને સરનામે શ્રમ અધિકારીશ્રી કૃણાલ શાહની રૂબરૂમાં અને હાજરીમાં યુનિયનનાં સઘળા કામદારોને રાબેતા મુજબ મૂળ નોકરીની ફરજો ઉપર હાજર થવા અને કામગીરી કરવા તૈયારી બતાવવા છતાં સંસ્થાના સંચાલકો અને અધિકારીઓ દ્વારા કામદારોને કામ ઉપર રાખવાનો સ્પષ્ટપણે ઈન્કાર કરી દીધેલ છે. શ્રમ અધિકારીશ્રીની હાજરીમાં અને રૂબરૂમાં આ કામના સંચાલકો અને અધિકારીઓએ કામદારોને સંસ્થામાં ગેટની અંદર પ્રવેશવાની પરવાનગી આપેલ નથી, જેથી શ્રમ અધિકારીશ્રી દ્વારા બંન્ને પક્ષકારોને ચર્ચા-વિચારણા

અને વાટાઘાટો કરવા માટે તા.૨૦/૦૪/૨૦૨૨ નારોજ તેમની કચેરી શ્રમ ભવન ખાતે હાજર રહેવા જણાવવામાં આવેલ. જે મુજબ તા.૨૦/૦૪/૨૦૨૨ નારોજ મદદનીશ શ્રમ આયુકતશ્રી સમક્ષ બંન્ને પક્ષકારો હાજર રહેલા હતા. સંસ્થામાં કામદારોએ નોકરીની ફરજો ઉપર હાજર થવાની તૈયારી દાખવતાં સંસ્થા દ્ધારા કામદારોને કામ ઉપર રાખવાના નિર્ણય અંગે વિચારવા માટે મુદતની માંગણી કરવામાં આવી હતી. જેથી મદદનીશ શ્રમ આયુકતશ્રી દ્ધારા સુનાવણી તા.૨૫/૦૪/૨૦૨૨ નારોજ ફિક્સ કરવામાં આવેલ. તે દિવસે સમાધાન કાર્યવાહીમાં સંસ્થાના જવાબદાર અધિકારી હાજર રહેલા નહી. શ્રમ આયુકતશ્રી દ્ધારા સંસ્થાના મેનેજમેન્ટના જવાબદાર અધિકારીનો ટેલિફોનથી સંપર્ક કરતાં મેનેજમેન્ટ દ્ધારા મદદનીશ શ્રમ આયુકતને સ્પષ્ટ જણાવેલ કે બાંહેધરી ઉપર સહી કર્યા સિવાય, કોઈપણ કામદારને તરત કામ ઉપર લેવામાં આવશે નહી. જેથી તે જ દિવસે મદદનીશ શ્રમ આયુકતશ્રીની સલાહ અને માર્ગદર્શન મુજબ તા.૨૫/૦૪/૨૦૨૨ નારોજ બપોરે બે કલાકે સબંધિત કામદારો સામાવાળા સંસ્થાની ઈચ્છા અને મરજી મુજબના બાંહેધરી પત્રકોમાં સહીઓ કરી કામ ઉપર ચઢવા ગયેલ હોવા છતાં કામદારોને સામાવાળા સંસ્થાએ કામ ઉપર રાખેલા નહી. જેથી સબંધિત કામદારોએ સરકારી શ્રમ અધિકારીને તે અંગે ફોન ઉપર જાણ કરતાં, સરકારી શ્રમ અધિકારીએ સંસ્થાના મેનેજમેન્ટનો સંપર્ક સાંધેલ અને તા.૨૬/૦૪/૨૦૨૨ નારોજ કામદારોને રાબેતા મુજબની પાળીમાં નોકરીની ફરજો ઉપર હાજર થવા જણાવવામાં આવેલ. તે મુજબ કામદારો તા.૨૬/૦૪/૨૦૨૨ નારોજ રાબેતા મુજબની પાળીમાં સવારે ૬.૩૦ કલાકે સામાવાળા સંસ્થામાં ફરજ ઉપર હાજર થતાં સંસ્થાના સંચાલકો અને અધિકારીઓ દ્ધારા સબંધિત કામદારો પાસે અગાઉથી તૈયાર રાખવામાં આવેલ બાંહેધરી પત્રક ઉપર સહીઓ કરાવી કામદારોને ગેટની બહાર ઉભા રાખી આશરે ૯.૨૦ કલાકે સંસ્થાના ગેટની અંદર લઈને એડમીન સ્પેસમાં આશરે ૧ કલાક સુધી બેસાડી રાખી કામદારોને પાછા ગેટની બહાર તગેડી મૂકેલા. આમ, સામાવાળા સંસ્થાએ તેમની મરજી મુજબના બાંહેધરી પત્રકમાં સહીઓ લીધા બાદ પણ કામદારોને કામગીરી સોંપેલ નહી. આમ સામાવાળા સંસ્થાનું આ કૃત્ય ગેરકાયદેસર, ગેરવ્યાજબી, અન્યાયી અને અનફેર લેબર પ્રેકટીસ સમાન અને

કુદરતી ન્યાયનાં સિધ્ધાંત વિરૂધ્ધનું છે. સામાવાળા સંસ્થાના અધિકારીઓ દ્વારા સમાધાનની કાર્યવાહીના સમયથી અસહકાર ભર્યો અને નકારાત્મક અભિગમ રાખીને કામદારોને કામ પર હાજર થવા દીધેલ નહી. સામાવાળા સંસ્થાએ તા.૧૩/૦૪/૨૦૨૨ નારોજથી સબંધિત કામદારોને કામગીરી ન સોંપી જે લોક–આઉટ કરેલ છે તે ગેરકાયદેસર અને કુદરતી ન્યાયનાં સિધ્ધાંતો વિરૂધ્ધ હોવાનું જણાવેલ છે. વધુમાં જણાવેલ છે કે સબંધિત કામદારોને કામગીરીથી વંચિત રાખવા માટે કોઈ વ્યાજબી અને કાયદેસરનું કારણ કયારેય ઉપલબ્ધ ન હતું. સબંધિત કામદારો સંસ્થામાં જે કામગીરી કરતાં હતા તે કામગીરી સંસ્થામાં આજે પણ પૂરજોશથી ચાલુ છે અને સંસ્થા દ્વારા નવાં–નવાં કામદારોની ભરતી કરવામાં આવી રહેલ છે. સબંધિત કામદારો તા.૧૩/૦૪/૨૦૨૨ નારોજથી કામ પર હાજર રહી કામગીરી કરવા તૈયાર હોવા છતાં તેમને કામ આપેલ નથી. જેથી તેઓ સામાવાળા સંસ્થા પાસેથી પડેલા દિવસોનો પૂરેપૂરો પગાર તેમજ મળવાપાત્ર તમામ આનુસાંગિક લાભો મેળવવા હક્કદાર હોવાનું જણાવેલ છે. વધુમાં જણાવેલ છે કે, સામાવાળા સંસ્થા ઉપસ્થિત કરવામાં આવેલ માંગણીઓનો આર્થિક બોજો સહેલાઈથી સહન કરી શકે તેમ છે. અરજદારે દાદ માંગેલ છે કે, આ વિવાદમાં ઉપસ્થિત કરવામાં આવેલ તમામ માંગણીઓ પૂરેપૂરી સામાવાળા સંસ્થા દ્વારા સ્વીકારી લેવામાં આવે અને તે મુજબના હક્કો–અધિકારો, લાભો–સવલતો સબંધિત કામદારોને ચૂકવી આપવામાં આવે તેવો હુકમ કરવા તેમજ ખર્ચના રૂ.૨૫,૦૦૦/– સામાવાળા સંસ્થા પાસેથી અપાવવા તેમજ બીજી જે કોઈ યોગ્ય અને ન્યાયી લાગે તે દાદ અપાવવા અરજ કરેલ છે.

(૪) સામાવાળાને નોટિસ કરતા સામાવાળા વિ.વ.શ્રી મારફત હાજર થઈ આંક–૮ થી વકીલપત્ર રજૂ કરેલ છે. સામાવાળા સંસ્થાને પૂરતી તક આપવા છતાં જવાબ રજૂ ન કરતાં સામાવાળાનો જવાબ રજૂ કરવાનો હક્ક તા.૧૫/૦૭/૨૦૨૫ નારોજ બંધ કરવામાં આવેલ છે.

(૫) અરજદાર તરફે નીચે મુજબના પુરાવા રજૂ કરેલ છે.

**<u>: મૌખિક પુરાવા :</u>**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | પરમાર તુલસીભાઈ કરસનભાઈનું સરતપાસનું સોગંદનામું | ૧૫. |
| ૨. | પરમાર મનોજકુમાર પુંજાભાઈનું સરતપાસનું સોગંદનામું | ૧૯. |

**<u>: દસ્તાવેજી પુરાવા :</u>**

| ક્રમ | વિગત. | નિશાની/ આંક |
|---|---|---|
| ૧. | આ કામની પ્રથમ પક્ષકાર સંસ્થાનાં કોન્ટ્રાકટમાં ફોર્ડ ઈન્ડિયા પ્રા.લિ. સંસ્થામાં કામ કરતા ૧૯૫ કામદારોના ઓવર ટાઈમ શીટની નકલ. | ૧૪/૧ |
| ૨. | ફોર્ડ ઈન્ડિયા પ્રા.લિ. સંસ્થામાં પ્રથમ પક્ષકાર સંસ્થાના ઈન્વર્ડના સહી સિક્કાવાળા ટેક્ષ ઈન્વોઈસની નકલ. તા.૨૩/૦૭/૨૦૨૪. | ૧૪/૨ |
| ૩. | આ કામની પ્રથમ પક્ષકાર સંસ્થાનાં કોન્ટ્રાકટમાં ટાટા સંસ્થામાં કામ કરતા કામદારશ્રી ગોહીલ મહેશના એમ્પલોઈઝ આઈડી કાર્ડની નકલ. | ૧૪/૩ |
| ૪. | આ કામની પ્રથમ પક્ષકાર સંસ્થાનાં કોન્ટ્રાકટમાં ટાટા સંસ્થામાં કામ કરતા કામદારશ્રી સાધુ રવિના એમ્પલોઈઝ આઈડી કાર્ડની નકલ. | ૧૪/૪ |
| ૫. | આ કામની પ્રથમ પક્ષકાર સંસ્થાનાં કોન્ટ્રાકટમાં ટાટા સંસ્થામાં કામ કરતા કામદારશ્રી સાધુ રવિકુમાર વિષ્ણુદાસ ના ગેટ એન્ટ્રી પાસની નકલ. | ૧૪/૫ |
| ૬. | આ કામની પ્રથમ પક્ષકાર સંસ્થાનાં કોન્ટ્રાકટમાં ટાટા સંસ્થામાં કામ કરતા કામદારશ્રી પરમાર પ્રદિપકુમારના એમ્પલોઈઝ આઈડી કાર્ડની નકલ. | ૧૪/૬ |
| ૭. | આ કામની પ્રથમ પક્ષકાર સંસ્થાનાં કોન્ટ્રાકટમાં ટાટા સંસ્થામાં કામ કરતા કામદારશ્રી સાધુ રવિકુમાર વિષ્ણુદાસની પગાર સ્લીપની નકલ. | ૧૪/૭ |
| ૮. | સામાવાળા સંસ્થા દ્વારા નવા કામદારોની ભરતી બાબતે આપવામાં આવેલ જાહેરાતની નકલ. | ૧૮/૧ |

(૬) સામાવાળાના વિ.વ.શ્રીએ આંક–૧૫ ના સબંધિત કામદારની વિગતવાર ઉલટ તપાસ કરેલ છે. પૂરતી તક આપવા છતાં સામાવાળા આંક–

૧૯ ના સાહેદની ઉલટતપાસ માટે હાજર ન રહેતા સામાવાળાનો ઉલટતપાસનો હક્ક બંધ કરવાનો હુકમ કરવામાં આવેલ છે. અરજદાર તરફે આંક–૨૩ થી ક્લોઝીંગ પુરસીસ આપી તેઓ વધુ કોઈ મૌખિક પુરાવો આપવા માંગતા ન હોવાનું જાહેર કરેલ છે.

(૭) સામાવાળા તરફે નીચે મુજબના પુરાવા રજૂ કરેલ છે.

**: દસ્તાવેજી પુરાવા :**

| ક્રમ | વિગત. | નિશાની |
|---|---|---|
| ૧. | નામદાર મજૂર અદાલત સમક્ષ રેફરન્સ નં.૫૧૭/૨૦૨૨ માં રજૂ થયેલ માંગણાનું નિવેદન. | ૧૧/૧ |
| ૨. | નામદાર મજૂર અદાલત સમક્ષ રેફરન્સ નં.૫૨૭/૨૦૨૨ માં રજૂ થયેલ માંગણાનું નિવેદન. | ૧૧/૨ |
| ૩. | નામદાર મજૂર અદાલત સમક્ષ રેફરન્સ નં.૫૬૧/૨૦૨૨ માં રજૂ થયેલ માંગણાનું નિવેદન. | ૧૧/૩ |
| ૪. | નામદાર મજૂર અદાલત સમક્ષ રેફરન્સ નં.૫૬૭/૨૦૨૨ માં રજૂ થયેલ માંગણાનું નિવેદન. | ૧૧/૪ |
| ૫. | નામદાર મજૂર અદાલત સમક્ષ રેફરન્સ નં.૫૭૩/૨૦૨૨ માં રજૂ થયેલ માંગણાનું નિવેદન. | ૧૧/૫ |
| ૬. | નામદાર મજૂર અદાલત સમક્ષ રેફરન્સ નં.૫૭૯/૨૦૨૨ માં રજૂ થયેલ માંગણાનું નિવેદન. | ૧૧/૬ |
| ૭. | નામદાર મજૂર અદાલત સમક્ષ રેફરન્સ નં.૫૮૫/૨૦૨૨ માં રજૂ થયેલ માંગણાનું નિવેદન. | ૧૧/૭ |
| ૮. | નામદાર મજૂર અદાલત સમક્ષ રેફરન્સ નં.૫૯૧/૨૦૨૨ માં રજૂ થયેલ માંગણાનું નિવેદન. | ૧૧/૮ |
| ૯. | નામદાર મજૂર અદાલત સમક્ષ રેફરન્સ નં.૫૯૭/૨૦૨૨ માં રજૂ થયેલ માંગણાનું નિવેદન. | ૧૧/૯ |

સામાવાળાના પુરાવાના તબક્કે સામાવાળા હાજર ન રહેતા આંક–૨૪ અરજી લગત હુકમ કરી સામાવાળાનો પુરાવાનો હક્ક બંધ કરવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૮) અરજદાર તરફે પ્રતિનિધિશ્રીની વિગતવારની દલીલો સાંભળી. તેઓએ માંગણા નિવેદનમાં રજૂ કરેલ હકીકતોનું દલીલમાં પુનરાવર્તન કરેલ

છે. વધુમાં જણાવેલ છે કે, સામાવાળા સંસ્થાએ તા.૧૩/૦૪/૨૦૨૨ થી સબંધિત કામદારોને કામગીરી આપવાનું બંધ કરી તેઓ પૂરતું ગેરકાયદેસર લોક–આઉટ કરેલ છે. સંસ્થાએ સબંધિત કામદારો પાસે બાંહેધરીની માંગણી કરેલી તે આપવાની ના પાડતા કામદારોને કામે રાખેલ નથી. સબંધિત કામદારોએ પગાર વધારા તથા અન્ય માંગણીઓ માટે રેફરન્સ (આઈ.ટી.) નં.૪૧/૨૦૨૧ નો કેસ કરેલ તેનાં કારણે આ પરિસ્થિતિ ઉભી થયેલ છે. બીજા પક્ષકારે રજૂ કરેલ દસ્તાવેજોનું સબંધિત કામદારોએ તેમના પૂરાવામાં સમર્થન કરેલ છે. સામાવાળા સંસ્થાનો કોન્ટ્રાકટ આજે પણ ટાટા કંપનીમાં ચાલુ છે અને તે અંગેના દસ્તાવેજો રજૂ રાખેલ છે. સામાવાળા સંસ્થા તા.૩૦/૦૬/૨૦૨૨ થી બંધ થઈ ગયેલ છે જેથી તા.૧૩/૦૪/૨૦૨૨ થી તા.૩૦/૦૬/૨૦૨૨ સુધી સબંધિત કામદારોને કામગીરીથી વંચિત રાખ્યાં તે સમયગાળા પૂરતો પગારનો નિર્ણય આ રેફરન્સના કામે કરવાનો રહે છે તેમ જણાવેલ છે. તમામ હકીકતો અને પુરાવો ધ્યાને લઈ આ રેફરન્સમાં કરેલ માંગણીઓ મંજૂર કરવા અરજ કરેલ છે.

(૯) સામાવાળા તરફે વિ.વ.શ્રી એ પોતાની દલીલમાં જણાવેલ છે કે ટી.વી.એસ.લોજીસ્ટીક સર્વિસિસ નામની સંસ્થા સને–૨૦૧૯ માં બંધ થયેલ છે. અરજદાર યુનિયને ટી.વી.એસ. સપ્લાય ચેઈન સોલ્યુશનસ લિ. ને આ કામે પક્ષકાર તરીકે જોડેલ નથી. જેથી યુનિયને કરેલ માંગણી બાબતે કોઈ દાદ આપી શકાય નહી. ટી.વી.એસ. લોજીસ્ટીક કંપની ૨૦૧૯ માં બંધ થતા તમામ કામદારોને ટી.વી.એસ. સપ્લાય ચેઈન સોલ્યુશનસ લિ. માં નોકરીની સળંગતા સાથે ટ્રાન્સફર કરેલા. તેમજ ટી.વી.એસ.સપ્લાય ચેઈન સોલ્યુશન્સ લિ. સંસ્થા પણ તા.૩૦/૦૬/૨૦૨૨ નારોજ બંધ થઈ ગયેલ છે. તા.૧૩/૦૪/૨૦૨૨ થી તા.૩૦/૦૬/૨૦૨૨ ના સમયગાળામાં ટી.વી.એસ.લોજીસ્ટીક સર્વિસિસ લિ. સંસ્થા અસ્તિત્વમાં ન હોય તેમની સામે કોઈ હુકમ કરી હકાય તેમ નથી. વધુમાં જણાવેલ છે કે સબંધિત કામદારો દ્વારા ટર્મીનેશન અંગેના રેફરન્સ કેસો સને–૨૦૨૨ માં કરવામાં આવેલ છે જેમાં ટી.વી.એસ.લોજીસ્ટીક સર્વિસિસ લિ. અને ટી.વી.એસ. સપ્લાય ચેઈન સોલ્યુશન્સ લિ. બંન્ને સંસ્થાઓને પક્ષકાર બનાવેલ છે. જેથી

આ હકીકતો તેઓ સારી રીતે જાણે છે અને તેઓએ લેબર કોર્ટ સમક્ષના રેફરન્સ કેસમાં માંગણાના નિવેદનમાં આ હકીકત લખેલ છે. જે માંગણાના નિવેદનની નકલો નિ.૧૧/૧ થી નિ.૧૧/૯ સુધી રજૂ કરેલ છે. જે તમામ હકીકતો ધ્યાને લઈ આ રેફરન્સ કેસ ખર્ચ સહિત રદ કરવા અરજ કરેલ છે.

**(૧૦)** ઉપરોકત વિગતે રજૂ થયેલ પક્ષ નિવેદન તેમજ રજૂ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા અને દલીલ આધારે મારી સમક્ષ આ કામે ન્યાય નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**:- મુ દ્દા ઓ :-**

**૧.** શું અરજદાર રેફરન્સની અનુસૂચિમાં જણાવ્યાં મુજબની દાદ મેળવવા હક્કદાર છે ?

**૨.** શું હુકમ ?

**(૧૧)** ઉપરોકત મુદ્દાઓના મારા જવાબ તથા કારણો નીચે મુજબ છે.

**૧.** નકારમાં.

**૨.** આખરી હુકમ મુજબ.

**-:: કા ર ણો ::-**

**મુદ્દા નં. ૧.**

**(૧૨)** આ કામે રજૂ થયેલ માંગણાનું નિવેદન, મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો તથા રેફરન્સની અનુસૂચિમાં જણાવેલ માંગણી વંચાણે લીધી. આંક-૧૫ અને ૧૯ ના સાહેદોએ માંગણાના નિવેદનને સમર્થનકારક હકીકતો સરતપાસમાં જણાવેલ છે. આંક-૧૫ ના કામદારે ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે ટી.વી.એસ.લોજીસ્ટીક સર્વિસિસ લિ. સને-૨૦૧૯માં બંધ થઈ ગયેલ છે અને તેમાં કામ કરતાં કામદારોને અને ટી.વી.એસ. સપ્લાય ચેઈન સોલ્યુશન્સ લિ. માં સળંગ નોકરી સાથે ટ્રાન્સફર કરેલા. વધુમાં એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે તા.૩૦/૦૬/૨૦૨૨ નારોજ થી ટી.વી.એસ. સપ્લાય ચેઈન સોલ્યુશન્સ લિ. સંસ્થા બંધ થઈ ગયેલ છે. સબંધિત કામદારોને છૂટાં કર્યા તે અંગેનો લેબર કોર્ટમાં કેસ કરેલ હોવાની

હકીકતનો સ્વીકાર કરેલ છે. એપ્રિલ–૨૦૧૯ બાદ સબંધિત કામદારોનો પગાર ટી.વી.એસ. સપ્લાય ચેઈન સોલ્યુશન્સ લિ. દ્વારા કરવામાં આવતો હોવાનું સ્વીકારેલ છે. **એપ્રિલ–૨૦૨૨** માં તેમનો પગાર ટી.વી.એસ. સપ્લાય ચેઈન સોલ્યુશન્સ લિ. માં કરવામાં આવતો હોવાની હકીકતનો કામદારે સ્વીકાર કરેલ છે. કામદારે ઉલટતપાસમાં કરેલ સ્વીકૃતિઓ ધ્યાને લેતાં તેઓ એ હકીકતથી માહિતગાર છે કે ટી.વી.એસ.લોજીસ્ટીક સર્વિસિસ લિ. નામની સંસ્થા સને–૨૦૧૯ માં બંધ થઈ ગયેલ છે. અરજદાર યુનિયને નિ.૧૮/૧ થી રજૂ કરેલ દસ્તાવેજ ધ્યાને લેતાં ટી.વી.એસ. સપ્લાય ચેઈન સોલ્યુશન્સ લિ. દ્વારા જુદી–જુદી કક્ષાની ભરતી માટે જાહેરાત આપવામાં આવેલ છે. નિ.૧૪/૩, નિ.૧૪/૪, નિ.૧૪/૬ ના આઈ–કાર્ડો ધ્યાને લેતાં સને–૨૦૨૪ અને ૨૦૨૫ માં ટી.વી.એસ. સપ્લાય ચેઈન સોલ્યુશન્સ લિ. ની કામગીરી ટાટા કંપનીમાં ચાલુ હોવાની હકીકતને સમર્થન મળે છે.

**(૧૩)** રેફરન્સની અનુસૂચિમાં જણાવેલ તા.૧૩/૦૪/૨૦૨૨ નારોજ સબંધિત કામદારો ટી.વી.એસ. સપ્લાય ચેઈન સોલ્યુશન્સ લિ. નામની સંસ્થામાં કામ કરતાં હતા અને તે સંસ્થા તેમને પગાર ચુકવતી હતી. જુદાં–જુદાં કામદારોને છૂટા કરવામાં આવતાં તે બાબત દાખલ કરેલ રેફરન્સ કેસમાં રજૂ કરેલ માંગણાના નિવેદનની નકલો સામાવાળાએ આંક–૧૧ ના લીસ્ટથી સામેલ રાખેલ છે. આ માંગણાના નિવેદનમાં પ્રથમ પક્ષકાર તરીકે (૧) ફોર્ડ ઈન્ડીયા પ્રા.લિ., સાણંદ (૨) ટી.વી.એસ.લોજીસ્ટીક સર્વિસિસ લિ., સાણંદ **(૩) ટી.વી.એસ. સપ્લાય ચેઈન સોલ્યુશન્સ લિ.,** ચેન્નાઈ દર્શાવેલ છે. આ માંગણાના નિવેદનમાં પેરા–૬ માં નીચે મુજબની હકીકત દર્શાવેલ છે.

> ૬. ઉપરોકત વિવાદો અને કાર્યવાહીઓ પડતર હતી તે દરમ્યાન આ કામની **પ્રથમ પક્ષકાર નં.૩ સંસ્થા દ્વારા** અમો બીજા પક્ષકાર સહીત આ કામની પ્રથમ પક્ષકાર **નં.૩ સંસ્થામાં કામ કરતાં સબંધિત સઘળા કામદારોને** આ કામની પ્રથમ પક્ષકાર નં.૩ સંસ્થાનો તેમની પૅરેન્ટ સંસ્થા ફોર્ડ ઈન્ડીયા લિ. કે જે આ કામની પ્રથમ પક્ષકાર નં.૧ સંસ્થા સાથેનો કોન્ટ્રાકટ તા.૩૦/૦૬/૨૦૨૨ નારોજ પૂરો થતો હોવાના કારણે તા.૩૦/૦૫/૨૦૨૨ નારોજના હુકમથી અમો બીજા પક્ષકાર સહીત સઘળા કામદારોને આ કામની પ્રથમ પક્ષકાર

સંસ્થાઓ દ્વારા તા.૩૦/૦૬/૨૦૨૨ નારોજ નોકરીમાંથી છૂટા કરી દેવામાં આવેલા છે. જે આ કામની પ્રથમ પક્ષકાર સંસ્થાનાં કૃત્યને બીજા પક્ષકાર દ્વારા સદરહું વિવાદમાં પડકારવામાં આવેલ છે. પણ તે અગાઉ અમો બીજા પક્ષકારને આ કામની પ્રથમ પક્ષકાર સંસ્થાઓ દ્વારા લોક–આઉટના બહાના હેઠળ કામગીરીથી અને પગારથી વંચિત રાખવામાં આવેલ હોવા બાબતે અલગથી એક વિવાદ રેફરન્સ (આઈ.ટી.) નં.૭૩/૨૦૨૨ નો ન્યાય–નિર્ણય માટે નામદાર ઔદ્યોગિક ન્યાયપંચ સમક્ષ પડતર છે.

સબંધિત કામદારો દ્વારા મજૂર અદાલત સમક્ષ રજૂ કરેલ માંગણાના નિવેદનમાં જણાવેલ ઉપરોકત હકીકતો ધ્યાને લેતાં ફોર્ડ ઈન્ડીયા લિ. સાથે ટી.વી.એસ. સપ્લાય ચેઈન સોલ્યુશન્સ લિ. નો કોન્ટ્રાકટ તા.૩૦/૦૬/૨૦૨૨ નારોજ પૂરો થતાં ટી.વી.એસ. સપ્લાય ચેઈન સોલ્યુશન્સ લિ. દ્વારા તા.૩૦/૦૬/૨૦૨૨ નારોજ તેમને છૂટા કરી દેવામાં આવેલ છે. આમ સબંધિત કામદારોને જ્યારે છૂટા કરવામાં આવ્યાં ત્યારે ટી.વી.એસ.લોજીસ્ટીક સર્વિસિસ લિ. નામની સંસ્થા કાર્યરત હતી નહી અને સદર સંસ્થા એપ્રિલ–૨૦૧૯માં બંધ થઈ ગયેલાની આંક–૧૫ ના કામદારે ઉલટતપાસમાં સ્વીકૃતિ કરેલ છે. તેમજ ટી.વી.એસ. સપ્લાય ચેઈન સોલ્યુશન્સ લિ. સબંધિત કામદારોને એપ્રિલ–૨૦૨૨ માં પગાર ચૂકવતી હોવાની હકીકતનો કામદારે સ્વીકાર કરેલ છે. સબંધિત કામદારો સારી રીતે જાણે છે કે તેઓ એપ્રિલ–૨૦૨૨ માં ટી.વી.એસ. સપ્લાય ચેઈન સોલ્યુશન્સ લિ. ના કોન્ટ્રાકટમાં ફોર્ડ કંપનીમાં કામ કરતાં હતા અને તે કંપની તેમને પગાર ચૂકવતી હતી. ટી.વી.એસ. સપ્લાય ચેઈન સોલ્યુશન્સ લિ. કંપનીને આ કામે અરજદારે પક્ષકાર બનાવેલ નથી કે પક્ષકાર તરીકે જોડવાની કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી. તે હકીકતમાં અને સ્વીકૃતિ મુજબ એપ્રિલ–૨૦૨૨ માં ટી.વી.એસ.લોજીસ્ટીક સર્વિસિસ લિ. દ્વારા ગેરકાયદેસર રીતે સબંધિત કામદારો પૂરતુ લોક–આઉટ કરી તેમને કામગીરીથી વંચિત રાખેલાની હકીકત પુરવાર કરવામાં અરજદાર યુનિયન નિષ્ફળ નિવડેલ છે.

**(૧૪)** મજૂર અદાલત સમક્ષના સને–૨૦૨૨ ના રેફરન્સ કેસોમાં રજુ કરેલ માંગણાના નિવેદનમાં કામદારોએ કરેલ સ્વીકૃતિ ધ્યાને લેતાં સબંધિત કામદારોને ટી.વી.એસ.લોજીસ્ટીક સર્વિસિસ લિ. સામે આ વિવાદ ઉપસ્થિત

કરવાનું કોઈ કારણ ઉપસ્થિત થયેલ નથી. વધુમાં જે સંસ્થા સામે વિવાદનું કોઈ કારણ ઉપસ્થિત થયેલ ન હોય તેની વિરૂધ્ધમાં કોઈ હુકમ કરી શકાય નહી તે કાયદાનો પ્રસ્થાપિત સિધ્ધાંત છે. વધુમાં ઔદ્યોગિક ન્યાયપંચ સમક્ષ રજૂ કરવામાં આવેલ રેફરન્સની ઉપરવટ ન્યાયપંચ જઈ શકે નહી, તેમ નામદાર સુપ્રિમકોર્ટ અને નામદાર હાઈકોર્ટે વિવિધ ચૂકાદાઓથી પ્રસ્થાપિત કરેલ છે.

**(૧૫)** ઉપરોકત કરેલ ચર્ચા અને રેકર્ડ પર રજુ થયેલ પૂરાવો ધ્યાને લેતાં સબંધિત કામદારો રેફરન્સની અનુસૂચિમાં જણાવ્યાં મુજબની કોઈપણ દાદ સામાવાળા સંસ્થા પાસેથી મેળવવા માટે હક્કદાર બનતા ન હોય **મુદ્દા નં.૧** નો જવાબ ''**નકારમાં**'' આપવામાં આવે છે અને ન્યાયનાં હિતમાં **મુદ્દા નં.૨** અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-:: આ ખ રી હુ ક મ ::-**

**૧.** બીજા પક્ષકાર/અરજદારનો **રેફરન્સ (આઈ.ટી.) નં.૭૨/૨૦૨૨** **"નામંજૂર"** કરવામાં આવે છે.

**૨.** પક્ષકારોએ આ રેફરન્સનો પોતાનો ખર્ચ પોતે ભોગવવો.

Digitally signed by
HEMANSU AMRUTLAL
BHUTWALA
Reason: AWARD
on 18/04/2026 12:23:20 IST.

સ્થળ : અમદાવાદ.
તારીખ : ૧૮/૦૪/૨૦૨૬.

(હેમાંસુ અમૃતલાલ ભુતવાલા)
પ્રમુખ અધિકારી,
ઔદ્યોગિક ન્યાયપંચ, અમદાવાદ.

S.D.Makvana P.A.

**CODE-GJ00883**